**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 04-10-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## મુ.મંત્રીશ્રી પટેલ-કચ્છમાં

આજરોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે તેઓ બપોરે માતાના મઢ ખાતે દેશદેવી મા આશાપુરાના દર્શન કરશે. ત્યારબાદ માંડવીમાં નિર્માણ થયેલા અને નવીનીકરણ પામેલા શ્રી શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક ક્રાંતિતીર્થનું લોકાર્પણ કરશે. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક મસ્કા ખાતે આયોજિત કાર્યક્રમથી કચ્છ જિલ્લાના વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમૂહુર્ત કરશે.

હેમાંગ પટ્ટણી

---

## રાજ્ય સરકાર-નર્શની ભરતી

રાજ્ય સરકારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હૉસ્પિટલો માટે સ્ટાફ નર્સની સીધી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ઓજસ વેબસાઇટ મારફતે 1 હજાર 903 સ્ટાફ નર્સની ભરતી કરાશે. આ માટે 5મી ઑક્ટોબર સુધી ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ વિશે માહિતી આપતા જણાવ્યું કે આગામી 6 થી 8 મહિનામાં આ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરાશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હૉસ્પિટલમાં કુલ 12 હજાર 101 જગ્યાઓ મંજૂર છે, છેલ્લા 10 વર્ષમાં કુલ 7 હજાર 732 સ્ટાફ નર્સ વર્ગ -2 ની જગ્યાઓની સીધી ભરતી કરવામાં આવી છે..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જન્મ જયંતિ

કચ્છના ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની આજે 167 મી જન્મ જયંતિ છે ત્યારે તેમના જન્મ સ્થાન માંડવી ખાતે ક્રાંતિ તીર્થ મ્યુઝિયમને મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ  ખુલ્લું મૂકશે 20  કરોડ રૂપિયા નાં ખર્ચે તૈયાર થયેલ આ ડિજિટલ મ્યુઝિયમ માં વિરાંજલી ગેલેરી અને ઇન્ડિયા હાઉસ ને નવો ઓપ અપાયો છે રણ ઉત્સવ ટાંણે એ બહારથી આવતા પ્રવાસીઓ માટે  આકર્ષણ નું કેન્દ્ર બનશે અત્રે યાદ આપીએ કે શ્યામજી કૃષ્ણ વર્મા ની સ્મૃતિ માં ક્રંતિતિર્થ  2016 માં માંડવી નજીક 6

કરોડ નાં ખર્ચે આકાર પામ્યું છે જેની લગભગ 25  લાખ લોકો એ મુલાકાત લઈ ક્રાંતિવીર નાં અસ્થી કળશ ને નત મસ્તકે નમન કર્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## પી.એમ. ઇન્ટર્નશીપ સ્કીમ શરૂ

સરકારે ગઇકાલે પ્રાઇમ મિનિસ્ટર્સ ઇન્ટર્નશીપ સ્કીમ પ્રાયોગિક ધોરણે શરૂ કરી છે. પાંચ વર્ષ માટે ટોચની 500 કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ તકો પૂરી પુડવાના હેતુથી 2024-25નાં કેન્દ્રીય અંદાજપત્રમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. કંપની બાબતોના મંત્રાલયના સૂત્રો જણાવે છે કે, સરકારે પાયલટ પ્રોજેક્ટ માટે 800 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ચાલુ નાણાકીય વર્ષ માટે એક લાખ 25 હજાર ઇન્ટર્નશીપ તકો પૂરી પાડવાનો સરકારનો લક્ષ્યાંક છે. ઓનલાઇન પોર્ટલ pm internship ડોટ mca ડોટ gov ડોટ in દ્વારા તેનો અમલ કરવામાં આવશે.  ઉમેદવારો આ મહિનાની 12થી 25 તારીખ સુધીમાં પોર્ટલ પર અરજી કરી શકશે.

**RNU** અમદાવાદ

---

## બીજો દિવસ-નવરાત્રિ

શારદીય નવરાત્રીનો ગઇકાલે પ્રારંભ થયો છે. આસો સુદ એકમથી નોમ સુધી નોરતાનાં નવ દિવસ દરમિયાન નવર્દુગાના નવ સ્વરૂપોની પૂજા, અર્ચન, જપ-તપ અને વ્રત કરી માની આરાધના કરવામાં આવે છે. આજે નવરાત્રીના બીજા દિવસે મા બ્રહ્મચારિણીની પૂજા કરવામાં આવે છે.

**N.P./ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## છઠ્ઠ પૂજા- ખાસ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા  આગામી દિવાળી અને છઠ પૂજા માટે મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ-બરૌની-અમદાવાદ ‘દિવાળી સ્પેશિયલ ટ્રેન’ વિશેષ ભાડા સાથે ચલાવવાનો નિર્ણય લીધો છે.

**N.P./ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## ચાંદ્રાણી – શ્રીમદ્દ ભાગવત

તાલુકાના ચાંદ્રાણી ગામ મધ્યે શ્રી કૃષ્ણ ગૌ સેવા મંડળ-ચાંદ્રાણીના લાભાર્થે સમૂહ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ આયોજન સમિતિ દ્વારા વક્તા અને કથાકાર ભાઇશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા 108 પોથીઓની

સમૂહ શ્રીમદ ભાગવત કથા આગામી તા.4/11થી તા.10/11 દરમિયાન યોજાશે.

**N.P./ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------------

## <u>ભુજ-નલિયા ટ્રેન-ટેસ્ટિંગ</u>

દેશલપરથી 71 કિલોમીટરના અંતરે આવેલા નલિયા રેલવે સ્ટેશને 48 મિનિટમાં જ રેલવે એન્જિન પહોંચ્યું હતું. ભુજથી નલિયા રેલવે ટ્રેક સંપૂર્ણ તૈયાર થઈ જતા રેલવે વિભાગ દ્વારા ચોથીવાર એન્જિન પાટા પર દોડાવવામાં આવ્યું હતું, જે 120ની ઝડપે દોડ્યું હતું. ભુજ-નલિયા વચ્ચે ટ્રેક સંપૂર્ણ તૈયાર થઈ જતા દેશલપરથી નલિયા વચ્ચે એન્જિન દોડાવીને ટેસ્ટિંગ કર્યું હતું ત્યારે ફરી સંપૂર્ણ ટ્રેન આગામી તા.9 ઓક્ટોબરના દોડાવીને ટેસ્ટીંગ કરવામાં આવશે અને ત્યારબાદ રેલવે વિભાગ દ્વારા સત્તાવાર રીતે નલિયા-ભુજ ટ્રેક તૈયાર થઈ ગયેલાનું અને કામ સંપૂર્ણ પૂરૂં થઇ ગયાનું જાહેર કરવામાં આવશે. ત્યારબાદ આ ટ્રેક પર માલગાડી અને મુસાફર ટ્રેન શરૂ થઈ શકશે.

**N.P./ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------------